ડીસામાં ઐતિહાસિક 'તાનાજી' ફિલ્મનો વિરોધ

ડીસા, તા. ૨૯

સમગ્ર દેશમાં ગત જાન્યુઆરીએ રિલીઝ થયેલ ઐતિહાસિક 'તાનાજી' ફિલ્મમાં નાઈ સમાજની લાગણી દુભાય તેવો સંવાદ દર્શાવ્યો છે જેથી સમગ્ર નાઈ સમાજની લાગણી દુભાઈ છે જેને લઈને સમગ્ર રાજ્યમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને તેનો ઠેર ઠેર વિરોધ પણ શરૂ થયો છે. ત્યારે ડીસામાં પણ નાઈ સમાજ પ્રગતિ મંડળ દ્વારા નાયબ કલેકટરને આવેદન પત્ર પાઠવી 'તાનાજી' ફિલ્મના ડાયરેકટર અને પ્રોડ્યુસર સામે પગલાં ભરવા માટેની રજુઆત કરવામાં આવી હતી. જે આવેદન પત્ર પાઠવવા મામલે ડીસામાં વસતા નાઈ સમાજના આગેવાનો તેમજ યુવાનો મોટી સંખ્યામાં હાજર રહી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

આજથી સાબરકાંઠા જિલ્લામાં ત્રિ-દિવસીય પોષણ અભિયાન

હિંમતનગર, તા. ૨૯

સમગ્ર રાજ્યમાં ૩૦મી જાન્યુઆરીથી ૧લી ફેબ્રુઆરીના રોજ રાજ્યની તમામ આંગણવાડીઓમાં એક પણ બાળક

કુપોષિત ન રહે તેવા ઉમદાભાવ અને પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકાર દ્વારા પોષણ અભિયાનનો આરંભ કરશે અને જન આંદોલન બનાવવાની કવાયત હાથ ધરવામાં આવનાર છે.

રાજ્યની ૫૩ હજારથી વધુ આંગણવાડીઓમાં ૦ થી ૬ વર્ષની વય જૂથના ૩૫.૫૨ લાખ બાળકો પૈકીના અતિ નબળા અલ્પપોષિત બાળકોના પોષણની સ્વૈચ્છિક જવાબદારી સમાજના વર્ગો, સેવાભાવી સંસ્થાઓ, એન.જી.ઓ. પાલક વાલી બનીને ઉપાડે અને "એક પાલક, એક બાળક"ના ઉમદા ભાવ સાથે બાળકોની સાર-સંભાળ કરે તેવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સૂચન અને અમલને મૂર્તિમંત કરવાના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લામાં પોષણ અભિયાનની શરૂઆત કરવામાં આવશે.

જિલ્લામાં પોષણ અભિયાનનો પ્રારંભ આદિજાતિ વિકાસ વન, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ગણપતભાઈ વસાવા તલોદની પુંસરી ખાતેથી ૧૧ કલાકે અને ત્યારબાદ બપોરે ૩ કલાકે પ્રાંતિજના પોગલુ પ્રાથમિક શાળા ખાતે ઉપસ્થિત રહીને કરાવશે.

આ ઉપરાંત જિલ્લામાં ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના ચેરમેન સુનીલભાઈ શીંગી હિંમતનગરના જાંબુડી ખાતેથી જ્યારે સાબરકાંઠા જિલ્લા પ્રભારી સચિવ અને પ્રિન્સિપલ સેક્રેટરી હેલ્થ ડૉ. જયંતિ રવિ એસ. હિંમતનગરના હાપા, ગૃહ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી સંગીતા સિંહ પ્રાંતિજ ના બાલીસણા, સંસદીય બાબતોના સચિવ સી.જે. ગોઠી ઇડરના બડોલી, ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશનના નાગરાજન એમ. ખેડબ્રહ્માના આગિયા તથા ડેપ્યુટી કોન્ઝરવેટર ઓફ ફોરેસ્ટ એ.એચ. ગઢવી પોશીનાના લાંબડીયા, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના નિયામક એસ.કે. હુડ્ડા વિજયનગરના ચિઠોડા જ્યારે મહિલા અને બાળવિકાસના સચિવ મનિષા ચંદ્રા તલોદના આત્રોલી વાસ દોલજી ખાતે હાજર રહીને પોષણ અભિયાનની શરૂઆત કરાવશે.

આ ઉપરાંત અન્ય મહાનુભવો જિલ્લા પંચાયતની બેઠકવાર ગામોમાં પોષણ અભિયાનનો પ્રેરક સંદેશ આપશે. જેમાં સી.ડી.પી.ઓ., આંગણવાડી વર્કર અને આશાવર્કર બહેનો, સ્થાનિક તલાટી, સરપંચો, ગામના આગેવાનો ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

એલઆઈસી. ઓફ ઇન્ડિયાના રીજીયોનલ મેનેજર ડીસા શાખાની મુલાકાતે

માત્ર ભારતની જ નહિ પરંતુ વિશ્વની વિશ્વસનીયતા ધરાવતી સર્વશ્રેષ્ઠ વિમા કંપની એટલે એલઆઈસી ઓફ ઈન્ડિયા ગાંધીનગર ડિવિઝનની ડીસા શાખા દ્વારા તેના વીમાધારકોને સારી સેવા અને વિવિધ આયામોમાં સર્વ શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ તારીખ ૨૮-૧-૨૦ના રોજ વેસ્ટર્ન ઝોન રીજીયોનલ મેનેજર મુરલીધરન પી. ઝોનલ ઓફિસ મુંબઈથી ડીસા શાખામાં પધારી ડીસા શાખા બ્રાન્ચ મેનેજર પોખરાજ ચૌહાણ, આસિસ્ટન્ટ મેનેજર સેલ્સ મુકેશભાઈ મીના, તમામ ઓફિસર, સ્ટાફગણ, ડેવલોપમેન્ટ ઓફિસર, અને એજન્ટ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા. સાથે-સાથે ગાંધીનગર ડિવિઝનના ડીવીઝનલ મેનેજર બાલા સુબ્રમણ્યમ સર તેમજ માર્કેટિંગ મેનેજર ગાંધીનગરથી મધુકર અસ્થાના સર પણ ઉપસ્થિત રહી ડીસા શાખાની કામગીરીને બિરદાવી તમામ સ્ટાફ ગણ, ડેવલપમેન્ટ ઓફિસર અને ડીસાના શાખાના આવા આયામોના સહભાગી એજન્ટ મિત્રોને અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી.

સઈજમાંથી જુગાર રમતા પોલીસ કોન્સ્ટેબલ સહિત પાંચ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર એલીસીબી-૨ એ કલોલ તાલુકાના સઈજમાંથી જુગાર રમી રહેલા પાંચ શકુનીઓને પોલીસે દબોચી લીધા હતા. પાંચ શકુનીમાં એક કલોલ તાલુકા પોલીસ મથકમાં ફરજ બજાવતો કોન્સ્ટેબલ હોવાનું ધ્યાને આવ્યું છે. ગાંધીનગર એલીસીબી-૨ ની ટીમે કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી તે સમયે ચિરાગ સિનેમા પાસે કંતાનની આડમાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી.. જેને પગલે પોલીસે દરોડો પાડીને જાહેરમાં જુગાર રમી રહેલા પાંચ શકુનીઓને દબોચી લીધા હતા. જેમાં એક શકુની કલોલ તાલુકા પોલીસ મથકમાં ફરજ બજાવતા નરેન્દ્રસિંહ ઈશ્વરસિંહ વાઘેલા (રહે કોલવડા) તેમજ કલોલના રીઝવાન ઈસ્માઈલ ઘાંચી (નાગોરી વાસ), અસરફ સિકંદર મલેક (નાની મલેકવાડ), કમલેશ મોતીરામ (કાર્તિક કોમ્પ્લેક્ષ), અસરફ અકબરભાઈ સૈયદ (હુસૈનપાર્ક સોસાયટી)નો સમાવેશ થાય છે.પોલીસે આરોપીઓની અંગજડતી અને દાવ પરથી મળેલી રોકડ, ચાર મોબાઈલ મળી કુલ રૂ.૫૫,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસા તાલુકાની સરડોઈની શ્રી એ.એમ શાહ હાઈસ્કૂલમાં પ્રજાસત્તાક દિવસે ધ્વજવંદન અને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે ધ્વજવંદન ગાયત્રી ઉપાસક પરમ પૂજ્ય પ્રદ્યુમન બાવજીના હસ્તે કરાયેલું સંસ્થાના પ્રમુખ ઈશ્વરચંદ્ર પી. ભાવસાર દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

ચિલોડા ખાતે હોમગાર્ડઝ સભ્યોનો સત્કાર સમારંભ યોજાયો

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના હોમગાર્ડઝ દળના સભ્યોમાંથી લાંબી ઉત્કૃષ્ટ પ્રસંશનીય સેવાઓ બદલ સરકારશ્રીએ મુખ્યમંત્રીના ચંન્દ્રો એનાયત કરી બહુમાન કરવામાં આવ્યુ છે. ત્યારે ચિલોડા રાજયોગા મિડિયેશન સેન્ટર ખાતે હોમગાર્ડઝ સભ્યો નગુસિંહ ભાટી, સ્ટાફ ઓફિસર, ગાંધીનગર જિલ્લો, નરેશભાઈ રાઠોડ પ્લાટુન કમાન્ડર, દહેગામ યુનિટ, મનીષકુમાર સોની, કંપની ક્વાટર માસ્ટર, અરવિંદસિંહ ઠાકોર, પ્લાટુન કમાન્ડર ડભોડા યુનિટ, નટવરલાલ જે. સોલંકી, કંપની સાર્જન્ટ મેજર ચિલોડા યુનિટ, દિલિપસિંહ ચાવડા, કંપની સાર્જન્ટ મેજર ગાંધીનગર યુનિટને ૨૬ જાન્યુઆરી ૦૨૦૨ની પ્રજાસત્તાકદિનની ઉજવણીમાં મુખ્યમંત્રીશ્રી ચંદ્રક એનાયત થતા હોમગાર્ડઝ યુનિટના અધિકારીઓ અને દળમાં આનંદની લાગણી પ્રવર્તી હતી. આ પ્રસંગે ચિલોડા ખાતે મુખ્યમંત્રી ચંદ્રક વિજેતાનો સત્કાર સમારંભમાં રાજયોગિન કૈલાસદીદી, તારાદીદી, જિલ્લા કમાન્ડર વિષ્ણુભાઈ પ્રજાપતિ તેમજ યુનિટના અધિકારીની ઉપસ્થિતિમાં એન.જે. સોલંકીને શાલ ઓઢાડી, પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત તમામ અધિકારીઓને બુકે અને શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે એન.જી. સોલંકીની ૩૫ વર્ષની માનદ સેવાઓ અને મુખ્યમંત્રી ચંદ્રક મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર જિલ્લા જમીન તકેદારી સમિતિ દ્વારા ત્રણ માસમાં રજૂ થયેલા ૩૬માંથી ૩૫ કેસોનો નિકાલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા જમીન તકેદારી સમિતિ દ્વારા છેલ્લા ત્રણ માસમાં રજૂ થયેલા ૩૬ કેસો પૈકી ૩૫ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. એક કેસની તપાસ બાકી છે. તથ્ય જણાયેલા ૮ કેસોમાંથી ૬ કેસોમાં પોલીસ ફરિયાદ દાખલ કરી પોલીસ તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, તેવું ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં જમીન મિલકતને લગતા દસ્તાવેજો, ફેરફારોમાં ખોટા દસ્તાવેજ, ખોટા પાવર ઓફ એટર્ની, ખોટી સહીઓનો દુર ઉપયોગ કરવા અંગેની ફરિયાદ વધવા પામી હતી. જે માટે જિલ્લાકક્ષાએ જિલ્લા જમીન તકેદારી સમિતિની રચના કરવા જણાવવામાં આવ્યું હતું. જે અન્વયે ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર જિલ્લા જમીન તકેદારી સમિતિની (સીટ)ની રચના કરવામાં આવી છે.

વધુમાં કલેકટરે જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લાના વિકાસ તથા શહેરી વિકાસ સત્તા મંડળમાં સમાવિષ્ટ ગામોનો વિકાસ વધતા જમીનમાં દસ્તાવેજ, તબદીલીમાં ખોટા દસ્તાવેજ, ખોટા પાવર ઓફ એટર્ની, ખોટા પુરાવાઓ, બનાવટી ઓળખપત્ર, ખોટી સહીઓ કરી હક્ક ડુબાડવાના વ્યાપક પ્રમાણમાં ફરિયાદો જિલ્લા જમીન તકેદારી સમિતિને મળી હતી. ગાંધીનગર જિલ્લામાં મળેલ ફરિયાદોનો હકારત્મક નિકાલ થાય અને થયેલ ફરિયાદોનો સત્વરે નિકાલ કરવા દર માસે સીટની બેઠકનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ માસના ટુંકાગાળા તા. ૧૯/૧૧/૨૦૧૯, તા. ૦૪/૧૨/૨૦૧૯, ૦૭/૦૧/૨૦૨૦ અને આજરોજ તા. ૨૯/૦૧/૨૦૨૦ ના રોજ આ સમિતીની બેઠક મળી હતી.

ત્રણ માસ દરમ્યાન મળેલી ચાર બેઠકમાં રજુ થયેલા ૩૬ કેસો પૈકી ૩૫ કેસોનો નિકાલ કરવાં આવ્યો છે. ૧ કેસ તપાસ બાકી છે. મળેલ અરજીઓ પૈકી તા. ૧૯/૧૧/૨૦૧૯ની બેઠકમાં ૭, તા. ૦૪/૧૨/૧૯ની બેઠકમાં ૭, તા.૦૭/૦૧/૨૦૨૦ના રોજ મળેલ બેઠકમાં ૧૧ તથા તા. ૨૯/૦૧/૨૦૨૦ ના રોજ મળેલ બેઠકમાં ૧૦ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. તે પૈકી ૮ કેસોમાં તથ્ય જણાતાં પોલીસ કેસ દાખલ કરવાની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાંથી ૬ કેસોમાં પોલીસ ફરિયાદ દાખલ કરી પોલીસ તપાસની કાર્યવાહી ચાલું કરી દેવામાં આવી છે. ૨ કેસોમાં પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ચાલુંમાં છે.

ભિલોડા તાલુકાના બુઢેલી ગામનું ગૌરવ શિક્ષકએ વધાર્યું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના બુઢેલી ગામનું ગૌરવ શિક્ષકએ વધારતા આનંદની લાગણી પ્રસરી હતી. દાહોદ જીલ્લામાં પ્રાથમીક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અશોકકુમાર એલ.પરમારની નવતર પ્રયોગ, શેક્ષણિક કામગીરી,સમાજલક્ષી પ્રવૃત્તિઓની કદર કરીને શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય ધ્વારા તા.૨૬મી જાન્યુઆરી-૨૦૨૦ ના રોજ પ્રજાસત્તાક પર્વ નિમિત્તે જીલ્લા કક્ષાની ઉજવણી સમારોહમાં પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર, શાલ ઓઢાડી જીલ્લા કલેક્ટર, મંત્રી ઈશ્વરસિંહ પટેલ સહિત રાજકીય, સામાજીક આગેવાનોની ઉપસ્થિતીમાં સન્માન કરાયું હતું.

મડ-મિરર, બાંબુ, ચર્મ, માટી, ભરત ગુથણ, થ્રેડ વર્કનું ખાસ ડિઝાઈન કરેલ હાટમાં લાઈવ નિદર્શન

યુવાનો માટે મનોરંજન, આનંદ સાથે જ્ઞાન પીરસતો ભાતીગળ કલાથી પ્રેરિત ખાસ સેલ્ફી ઝોન

ગાંધીનગર, તા. ૨૯

હસ્તકળા મેળો માત્ર મનોરંજન કે પ્રદર્શનનું માધ્યમના બની રહેતા તેનાથી કંઈક વિશેષ માહિતી, જ્ઞાન અને સંસ્કૃતિનું સંવર્ધન થાય તેમજ કલાકારોની કારીગરીથી લોકો માહિતગાર થઈ તેમને બિરદાવે તે જરૂરી હોઈ વહીવટીતંત્ર દ્વારા મેળાને ખાસ લુક આપવા તેમજ માહિતી આપતા પ્રિન્ટ અને ઓડિયો વિઝ્યુઅલ માધ્યમનો વિશેષ ઉપયોગ કરવામાં આવ્યો છે.

કુલ ૨૭ પ્રકારની ભાતીગળ હસ્તકલાના સંવર્ધન અને કારીગરોને રોજીરોટી મળી રહે તે માટે હસ્તકલા વિભાગ દ્વારા આ પ્રકારે મેળાઓનું આયોજન કરવામાં આવે છે, ત્યારે રાજકોટના શાસ્ત્રી મેદાનમાં પ્રવેશતા જ તમે કોઈ વડોદરાની ફાઈન આર્ટ્સ કોલેજના કે અમદાવાદના પ્રદર્શનમાં પહોંચી ગયા હોઈ તેવી અનુભૂતિ થાય છે.

મેળામાં પ્રવેશતા જ ઢોલક અને સરણાઈની સુંદર ધૂન દ્વારા સ્વાગત કરવામા આવે છે. સામે જ વિશાળ 'ગુજરાત કલા મેપ' નિદર્શીત કરે છે. વિવિધ ગામ-શહેરની કળા કારીગીરીની વિષેશતા સેન્ટર પેવેલિયનમાં જુદી જુદી કલાને લાઈવ પ્રસ્તુત કરતા વિશેષ ડિઝાઈન સાથે તૈયાર કરેલ ધ્યાનાકર્ષક હાટ દૂરથી જ ખ્યાલ આવે કે આ હાટમાં શું જોવા જાણવા મળશે ? બામ્બુની પ્રોડક્ટ સેલ કરતા હાટમાં ૧૦૦થી વધુ બામ્બુની ગોઠવણ, મડ-મિરર કામગિરી હાટને હારબંધ મિરરના તોરણ, માટી કામ હાટને વિશાલ નાંદ, હાથવણાટ કલા માટે થ્રેડ બેઝ હાટ, કલર અને પેન યુક્ત વર્કને રિપ્રેઝન્ટ કરતા વિશાલ હાથ અને થ્રેડનું કોમ્બિનેશન, ચર્મ કલા હાટને લેધરમાંથી બનાવેલ હવામાં લહેરાતા વિશાળ રંગીન સિલિન્ડર કે ભરત ગુથણ કળાકારીગીરી માટે રંગબેરંગી છત્રીઓથી તૈયાર કરાયેલ હાટ જાણે કોઈ અદભૂત નગરમાં આવી પહોંચ્યા હોઈ તેવી અનુભૂતિ આપે.

ખાદી વણાટ સાથે સંકળાયેલા પેવેલિયનમાં ગાંધીજીની વિશાળ પ્રતિકૃતિ કે સેલ્ફી ઝોન ખાસ યુવાઓને આકર્ષે તે રીતે તૈયાર કરાયા છે. અને હા વિરામ માટે બોક્સની હારબંધ ગોઠવણ સાથે ખાસ બેઠક વ્યવસ્થા સુંદર આર્કિટેક્ચરની કમાલ બતાવે છે.

લાગણીનો મેળો ● ચોથા પાનાનું ચાલુ

પાનખરના હૈયામાં ટહુકે વસંત....
આજે તો વનમાં કોના વિવાહ,
એક એક વૃક્ષમાં પ્રગટે દીવા,
આશીર્વાદ આપવા આવે છે સંત,
પાનખરના હૈયામાં ટહુકે વસંત'

- નરેન્દ્ર મોદી

સ્પર્ણમણિ :

'જેની રહેલી કુદરથી વિખુટી થતી નથી, કુદરતને રંગે જ રંગાય છે તે વસંતનું આગમન વગર કહ્યે અનુભવે છે. નદીના ક્ષીણ પ્રવાહમાં એકાએક ઘોડાપૂર આવેલું જેમ આપણે જોઈએ છીએ તેમ આપણે વસંતને પણ આવતો બરાબર જોઈ શકીએ છીએ.'

- કાકા કાલેલકર

પગલા લેવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘ માર્ગ પર અસ્તિત્વમાં આવતા ડાયવર્ઝનને અનુલક્ષી એસ ટી નો રૂટ પણ બદલી દેવાયો છે. જેના લીધે ઘ-૪ અને સે-૧૬ : ૧૭ ના સ્ટેન્ડ પર એસ ટી બસ સ્ટોપ થઈ શકતી નથી જયારે આ સ્થિતિ વચ્ચે હજુ પણ કેટલીક એસ ટી ની બસો ઘ-૪ તરફના રૂટમાં આગળ વધીને

રૂટમાં દોડે છે. જેના લીધે સાંકડા સર્વિસ રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. એકબાજુ ટ્રાફિક ડાયવર્ઝન મુજબ આ રૂટમાં એસ ટી બસો દોડાવાની મનાઈ ફરમાવામાં આવી છે જયારે બીજીતરફ એસ ટી ની બસો હજુ પણ સે-૧૬ ના સર્વિસ રોડ પર થઈને પસાર થતી હોવાથી ટ્રાફિકની સમસ્યા યથાવત છે. આ સ્થિતિને ધ્યાને લઈને એસ ટી તંત્ર દ્વારા ડાયવર્ઝનના રૂટમાં એસ ટી બસો દોડાવવા બદલ ડ્રાઈવર કંડકટર સામે હવે શિક્ષાત્મક પગલા લેવાની કાર્યવાહી કરશે.

આરંભ કરાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર જિલ્લા પંચાયતની આંકડા શાખા દ્વારા દ્વિતીય કક્ષાનું સુપરવિઝન સ્થળ ચકાસણી કરી કરવામાં આવશે. જિલ્લા આંકડા અધિકારી એચ.કે. પ્રજાપતિ, સંશોધન મદદનીશ કિરીટસિંહ પી. રાઓલ, કુ. સંગીતા એ. ડોડીયાર, પી.વી. હાડા તથા આંકડા મદદનીશ એન.એન. માળી દ્વારા સીએસસી જિલ્લા મેનેજર નિકુંજ જાદવ તથા હાર્દિક ઝાલાને સંપુર્ણ સહયોગ પૂરો પાડી રાષ્ટ્રિય કામગીરી એવી ૭મી આર્થિક ગણતરીની કામગીરીની શરૂઆત કરાવવામાં આવી. સદર પ્રસંગે સીએસસીના સુપરવાઈઝરો, ગણતરીદારો તથા જિલ્લા આંકડા તંત્રના અધિકારી/કર્મચારીઓ ઉપરાંત સ્થાનિક વેપારીઓ/પ્રજાજનો ઉપસ્થિત રહેલ હતા.

વિમોચન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભગવાનનો સંદેશ ઘર ઘર સુધી પહોંચે તેમજ નાના બાળકોને શિક્ષાપત્રીનુ જ્ઞાન સરળતાથી મળે તેવા આશયથી સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા ૧૯૪ મી શિક્ષાપત્રી જયંતિ નિમિત્તે હરિપ્રકાશ સ્વામીના હસ્તે વિશ્વની સૌ પ્રથમ બોલતી શિક્ષાપત્રીનુ વિમોચન કરાયુ હતુ. આ પ્રસંગે સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી ,સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી અક્ષરપ્રકાશદાસજી અને સ્વામી રામકૃષ્ણદાસજીએ વૈદિક અને શાસ્ત્રોક્ત પધ્ધતિથી પુજન અને પુષ્પાભિષેક કર્યો હતો. આ અન્વયે ભગવાન સ્વામિનારાયણ રચિત ૨૧૨ જીવન મંત્રોનુ ડીજીટલાઈઝેશન કરાયુ છે.

ગુજરાતી , સંસ્કૃત અને અંગ્રેજી તેમ ત્રણ ભાષામાં આ શિક્ષાપત્રીને ડીઝીટલ બનાવાઈ છે. ભગવત ગીતાના ગ્રંથનુ ડીઝીટલાઈઝેશન કરાયુ તેના પરથી પ્રેરણા મેળવી ભગવાન સ્વામિનારાયણની બોલતી શિક્ષાપત્રી તૈયાર કરાઈ છે. જેમાં દ્રશ્ય શ્રાવ્ય અનુભુતિથી શિક્ષાપત્રીનુ જ્ઞાન મેળવી શકાય છે. આજના સમયમાં પાપકર્મ અને કાયદાનુ ઉલ્લંઘન કરવાની માનસિકતા દુર થાય ગુનાખોરીનુ પ્રમાણ ઘટે તેવા આશયથી આ શિક્ષાપત્રી આજના બાળકોને ઘરે ઘરે સાચા અર્થમાં ઉપયોગી બને તેવા પ્રયાસો પણ આગામી દિવસોમાં કરવામાં આવશે. ગુરુકળના પુ રામકૃષ્ણદાસજી સ્વામીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે અંગ્રેજોએ પણ શિક્ષાપત્રીને અનુલક્ષી ભગવાન સ્વામિનારાયણના ઉમદા કાર્યને બિરદાવ્યુ હતુ. આ શિક્ષાપત્રી ગાંધીનગરમાં ભાટ સ્થિત ડીગ્રી એન્જિનિયરીંગ કોલેજના રીસર્ચ સેન્ટરે તૈયાર કરી છે. ડિગ્રી કોલેજના ડીરેકટર ધર્મેશ વંડરા સહીતની ટીમે જહેમત ઉઠાવી આ ડિઝીટલ શિક્ષાપત્રી તૈયાર કરી છે. જયારે આ શિક્ષાપત્રી સાડા ત્રણ હજાર કીંમતમાં તૈયાર કરાઈ છે. જયારે આગામી દિવસોમાં આ ફોર કલરમાં તૈયાર થશે ભારતીય સંસ્કૃતિનુ પોષણ કરવા માટે આ શિક્ષાપત્રી જન જન સુધી પહોંચાડવાના પ્રયાસો કરાશે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે આજથી ૧૯૪ વર્ષ પુર્વે મહાસુદ પાંચમના દિવસે વડતાલમાં ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીની રચના કરી હતી.જયારે ડિઝીટલ શિક્ષાપત્રીમાં ડિવાઈસ અને કોડીંગ કરવામાં આવ્યા છે. જેના આધારે અક્ષરો ધ્વનિ સ્વરૂપે રજુ થાય છે.

નાઈટ પેટ્રોલીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામે આવતા વનતંત્રએ જ માર્ગ પર સર્ચિંગ કર્યુ હતુ પરંતુ આ વિસ્તારમાં હજુ સુધી દિપડાના કોઇ પગેરુ મળ્યા નથી વનતંત્ર દ્વારા ઈન્દ્રોડાથી ચિલોડા સુધીના નદી કીનારાના વિસ્તારમાં સર્ચિંગકરવામાં આવ્યા બાદ પણ દિપડાની ભાળ મળ નથી. ત્યારે હવે વનતંત્રના અધિકારીઓએ નાઇટ પેટ્રોલીંગ કરવાનો નિર્ણય લીધો છે. જે અન્વયે જ માર્ગ નજીક સ્થિત નદી કીનારાના વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગ કરવામાં આવશે. છેલ્લા દોઢ વર્ષથી ગાંધીનગર આસપાસનો વિસ્તાર દિપડા માટે ફેવરેબલ બની ગયો છે. જયારે હવે એક બાદ બીજા દિપડાને કેદ કરવા વનતંત્રએ મથામણ હાથ ધરી છે.

ભારતની જીત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંતિમ ઓવરમાં યજમાન ટીમે જીતવા માટે નવ રનની જરૂર હતી પરંતુ ન્યૂઝીલેન્ડની ટીમ આઠ રન જ બનાવી શકી હતી. સુપર ઓવરમાં ન્યૂઝીલેન્ડે એક છગ્ગા અને બે ચોગ્ગા સાથે ૧૭ રન કર્યા હતા. જ્યારે ભારતીય ટીમે ૨૦ રન બનાવી લીધા હતા. ભારત તરફથી રોહિત શર્માએ સતત બે છગ્ગા મારીને ટીમ ઈન્ડિયાને જીત અપાવી હતી. આની સાથે જ પાંચ મેચોની શ્રેણીમાં ભારતે હવે ન્યૂઝીલેન્ડ પર ત્રણ શૂન્યની લીડ મેળવી લીધી છે અને શ્રેણી જીતી લીધી છે.

વર્તમાન શ્રેણી પહેલા ભારત અને ન્યુઝીલેન્ડની વચ્ચે હજુ સુધી ચાર દ્વિપક્ષીય શ્રેણી રમાઇ ચુકી છે. જૈ પૈકી ન્યુઝીલેન્ડે ત્રણ શ્રેણી જીતી છે. ભારતે એક શ્રેણીમાં જીત મેળવી છે. ન્યુઝીલેન્ડે ટ્વેન્ટી ક્રિકેટમાં પ્રભુત્વ રાખ્યુ છે. વર્ષ ૨૦૦૮-૦૯માં તેમની વચ્ચે પ્રથમ ટ્વેન્ટી શ્રેણી રમાઇ હતી. જેમાં ન્યુઝીલેન્ડે ૨-૦થી જીત મેળવી હતી. આવી જ રીતે વર્ષ ૨૦૧૨માં તેમની વચ્ચે બીજી શ્રેણી રમાઇ હતી. આ શ્રેણી પણ ન્યુઝીલેન્ડે ૧-૦થી જીતી લીધી હતી. તેમની વચ્ચે ત્રીજી શ્રેણી ૨૦૧૭-૧૮માં રમાઇ હતી. જેમાં ભારતે ૨-૧થી જીત મેળવી લીધી હતી. તેમની વચ્ચે છેલ્લી શ્રેણી ૨૦૧૮-૧૯માં રમાઇ હતી. જેમાં ન્યુઝીલેન્ડે પોતાના ઘર આંગણે ભારત પર ૨-૧થી જીત મેળવી હતી. આમને સામને ઓવરઓલ વાત કરવામાં આવે તો તેમની વચ્ચે આજની મેચ પહેલા તેમની વચ્ચે ૧૩ મેચો રમાઇ છે. જે પૈકી ન્યુઝીલેન્ડે આઠ અને ભારતે પાંચ મેચો જીતી છે. ઓસ્ટ્રેલિયા સામે વનડે શ્રેણી પોતાના નામ પર કરી લીધા બાદ ટીમ ઈન્ડિયાએ જોરદાર શરૂઆત કરી હતી. પહેલા પાંચ ટ્વેન્ટી મેચોની શ્રેણી રમાશે. ત્યારબાદ વનડે શ્રેણી રમાનાર છે. વનડે શ્રેણી બાદ ટેસ્ટ શ્રેણી પણ રમાનાર છે. ટેસ્ટ શ્રેણી ૨૧મી ફેબ્રુઆરીથી શરૂ થનાર છે. બીજી ટેસ્ટ મેચ ૨૯મી ફેબ્રુઆરીના દિવસથી રમાનાર છે. આવી જ રીતે બીજી ટ્વેન્ટી મેચ ૨૬મી જાન્યુઆરીના દિવસે રમાનાર છે. પાંચમી અને અંતિમ ટ્વેન્ટી મેચ બીજી ફેબ્રુઆરીના દિવસે રમાનાર છે. વનડે શ્રેણીની પ્રથમ મેચ પાંચમી ફેબ્રુઆરીના દિવસે રમાનાર છે. પ્રથમ મેચમાં ભારતીય બેટ્સમેનો છવાયેલા રહ્યા હતા.

હકાલપટ્ટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવનાર છે. જેડીયુના મુખ્ય મહાસચિવ અને રાષ્ટ્રીય પ્રવક્તા કેસી ત્યાગીએ નિવેદન કરીને કહ્યું છે કે, પાર્ટી શિસ્ત, પાર્ટીના નિર્ણય અને પાર્ટી નેતૃત્વ પ્રત્યે વફાદારી મુળ મંત્ર તરીકે ગળે છે. તેમણે કહ્યું હતું કે, છેલ્લા કેટલાક મહિનાથી પાર્ટીની અંદર હોદ્દેદાર તરીકે રહીને પ્રશાંત કિશોરે અનેક વિવાદાસ્પદ નિવેદનો કર્યા હતા. જે પાર્ટીના હિતમાં ન હતા. ત્યાગીએ કહ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષની સામે કિશોરે વાધાજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. જે ખુબ જ શરમજનક સ્થિતિ હતી. બીજી બાજુ નારાજ થયેલા પ્રશાંત કિશોર અને પવન વર્માએ હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ નિતિશ કુમાર ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, બિહારના મુખ્યમંત્રીની ખુરશી બચાવવા તેમના દ્વારા પ્રયાસ થઈ રહ્યા છે. ખુરશી બચાવવા માટે અમે શુભકામના આપી રહ્યા છે. પીકે દ્વારા લખવામાં આવ્યું છે કે, નિતિશ કુમાર ખુબ દબાણ હેઠળ દેખાઈ રહ્યા છે.

બીજી બાજુ પવન વર્માએ એક કલાક બાદ ટ્વિટ કરીને કહ્યું હતું કે, પોતાને અને પોતાની નિતિઓને બચાવવા માટે અમને બહાર કરવામાં આવ્યા છે. આના કારણે તેમની સ્થિતિ અસ્થિર બની ગઈ હતી. બિહારમાં કોઈપણ કિંમતે મુખ્યમંત્રી તરીકે ચાલુ રહેવા માટે નિતિશ કુમારને શુભેચ્છા પણ